# ઉદ્ધારકની આગાહી કરનાર મિખા

## (ફાધર વર્ગીસ પોલ)

મિખા બાઈબલના બાર 'ગૌણ' પયગંબરમાં એક છે. અને નામના ગ્રંથ 'મિખા' માંથી તેમજ ઈર્મિયા ગ્રંથના એકાદ ઉલ્લેખમાંથી આપણને મિખા વિશે થોડીઘણી માહિતી મળે છે. ઈર્મિયાના ઉલ્લેખમાંથી આપણને મિખાના જન્મસ્થળ, સમયકાળ તેમજ તેની પયગંબરી વાણીનો ખ્યાલ આવે છે.

મિખાના પ્રથમ પ્રકરણનું પહેલું વાક્ય જણાવે છે તેમ મિખાનો જન્મ મોરેશેથ નગરમાં થયો હતો. બાઈબલના પંડિતો કહે છે કે મોરેશેથ નગર એ ઘણું ખરું મિખાએ પ્રથમ પ્રકરણના ચૌદમાં વાક્યમાં ઉલ્લેખ કરેલું મોરેશેથ-ગાથ નગર જ હશે. મિખા પોતાના વતનનાં નાનાંનાનાં ગામો અને શહેરોના લોકોને સ્પર્શતા સામાજિક અનિષ્ટોથી બરાબર વાકેફ હતો. એની પયગંબરી વાણીમાં આપણે આ વાતની સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

મિખા ઈ.સ. પૂર્વે 750 અને 686ના વચ્ચેના ગાળામાં દૈવી વાણી લોકોને સંભળાવી હતી. એટલે તે યશાયા અને હોશિયાનો સમકાલીન હતો. મિખા ગ્રંથની શરૂઆતથી જાણવા મળે છે તેમ યહુદાના રાજા યોથામ, આહાઝ અને હિઝકિયાના અમલ દરમિયાન તેણે શમરૂન અને યરુશાલેમના લોકોને પોતાનો દૈવી સંદેશ સંભળાવ્યો હતો.

મિખાએ શમરૂનની પડતીની આગાહી કરી હતી. આથી પ્રભુ કહે છે. "હું શમરૂન શહેરને વગડામાં ખંડિયેરના ઢગલા સમું, ખેડેલા ખેતર જેવું બનાવી દઈશ. હું તેના પથ્થરો ખીણમાં ગબડાવીને તેના પાયા ખુલ્લા કરી નાખીશ. તેની બધી મૂર્તિઓના ટુકડે ટુકડા થઈ જશે. મૂર્તિપૂજા દ્વારા મેળવેલી તેની બધી કમાણી આગમાં ભસ્મ થઈ જશે અને તેનાં બધાં દેવલાંઓના હું ચૂરેચૂરા કરી નાખીશઃ કારણ, તેણે એ બધું મૂર્તિપુજારૂપી રંડીબાજી દ્વારા મેળવેલું છે અને એ પાછું રંડીબાજીમાં જ વપરાશે."

પયગંબર મિખાએ ભાખ્યા મુજબ પરદેશી શત્રુઓને હાથે શમરૂનનું પતન ઈ.સ. પૂર્વે 722-721માં થયું હતું.

યહૂદાના રાજા હિઝકિયા પોતાના સમયમાં સફળતાપૂર્વક ઘણા ધાર્મિક સુધારાઓ લાવ્યા હતા. મિખાની દૈવી વાણી આપણને હિઝકિયાના સુધારા પહેલાંના સયમનો ખ્યાલ આપે છે.

મિખા પોતે પોતાની પયગંબરી વાણી વિશે કહે છે કે, "મને તો પ્રભુ તરફથી એટલી શક્તિ અને ન્યાયબુદ્ધિ મળી રહે છે કે હું ઈસાયલીઓને તેમના અપરાધો અને પાપો સંભળાવવાની હિંમત કરી શકું."

મિખાના સમયના અને એના પછીના સમયના લોકો ઉપર મિખાની પયગંબરી વાણીની ઊંડી અસર પડેલી દેખાય છે. યરુશાલેમના વિનાશ વિશે ભવિષ્યવાણી સૌ પ્રથમ વાર મિખાએ ભાખી હતી.

એકાદ સદી પછી પયગંબર ઈર્મિયાએ ફરી યરુશાલેમના વિનાશની વાત કરી હતી કે, "આ પ્રભુનાં વચન છે. મંદિરના ચોકમાં ઊભો રહીને યહૂદીનાં ગામોમાંથી જે લોકો પૂજા કરવા આવે છે તે બધાને મેં તને જે કહેવા કહ્યું છે તે કહેજે. આ મંદિરના હું શીલોના જેવા હાલ કરીશ. અને પૃથ્વીની બધી પ્રજાઓમાં આ શહેરનું નામ શાપરૂપ લેખાશે."

આવી ભારે ભવિષ્યવાણી ભાખવાના ગુના પર પયગંબર ઈર્મિયાને મંદિરના પુરોહિતો, નબીઓએ અને બધા લોકોએ પકડયો અને કહ્યું, "આ માણસને મોતની સજા થવી જોઈએ, કારણ, એણે આ શહેરની વિરુદ્ધ વાણી ભાખી છે."

આ પ્રસંગે ઈર્મિયાના બચાવમાં કેટલાક આગેવાન લોકોએ અને અમલદારોએ પુરોહિતો અને નબીઓને કહ્યું. "આ માણસ મોતની સજાને પાત્ર નથી. એણે આપણા ઈશ્વર પ્રભુને નામે આપણને સંભળાવ્યું છે."

પછી પોતાની વાતના ટેકારૂપે તેઓએ પયગંબર મિખાએ પ્રથમવાર યરુશાલેમના વિનાશની જે ભવિષ્યવાણી ભાખી હતી તે વાત આખી અને આખી યાદ કરી હતી. ત્યાર પછી દેશના કેટલાક આગેવાનોએ ઊભા થઈને ભેગા થયેલા લોકોને કહ્યું. "યહૂદાના રાજા હિઝકિયાના વખતમાં મોરશેથને મિખા દેવી વાણી ભાખતો હતો અને તેણે યહૂદાના બધા લોકોને આ પ્રમાણે કહ્યું હતું, આ સર્વશક્તિમાન પ્રભુના વચન છેઃ

સિયોન ખેતરની પેઠે ખસેડાઈ જશે,

યરુશાલેમ ખંડિયેરનો ઢગલો થઈ જશે,

મંદિરનો ડુંગર જંગલ થઈ જશે. "

તે વખતે રાજા હિઝકિયાએ અને યહૂદાના લોકોએ આ ભવિષ્યવાણી માટે મિખાને મારી નાખ્યો નહોતો. ઈર્મિયા ગ્રંથની ઉપરોક્ત ઉલ્લેખમાંથી પયગંબર મિખાની અગમવાણીની લાંબા ગાળાની અસરનો આપણને અહીં સ્પષ્ટ પુરાવો મળે છે.

પયગંબર તરીકેની પોતાને મળેલી શક્તિ અને ન્યાયબુદ્ધિનો પૂરો ઉપયોગ કરીને મિખાએ નીડરપણે લોકોને તેમનાં અપરાધો અને પાપો સંભળાવ્યાં હતાં. સત્તા પર બેઠેલા લોકોને મિખાએ સંભળાવ્યું હતું કે, "તેઓ ખેતરો અને મકાનો મેળવવાની લાલચ રાખે છે અને પડાવી લે છે. માણસ ઉપર જુલમ ગુજારીને તેનું ઘર અને તેની મિલકત ઝૂંટવી લે છે."

"આથી પ્રભુ કહે છેઃ જુઓ, તમારી આખી ટોળકી ઉપર હું આફતની ઝૂંસરી નાખવાનો મનસૂબો કરું છું. એમાંથી તમે તમારી ગરદન નહિ બચાવી શકો. ટટ્ટાર માથે નહિ ફરી શકો. ખસૂસ, કાળ કપરો આવે છે."

એ જ રીતે ઈસાયલના રાજકર્તાને પણ સંભળાવતાં મિખાએ ભાખ્યું હતું, "ન્યાયની રક્ષણ કરવાની તમારી ફરજ નથી? પણ તમે ભલાઈને ધિક્કારો છો ને બૂરાઈ પર પ્રેમ રાખો છો ! તમે મારા લોકોના શરીર પરથી ચામડી અને તેમનાં હાડકાં ઉપરથી માંસ ઊતરડી લો છો."

વળી, બની બેઠેલા નબીઓને પણ મિખાએ સંભળાવ્યું હતુઃ "જે નબીઓ મારા લોકોને ગેરમાર્ગે દોરે છે તેમને વિશે પ્રભુ કહે છે, તમારા ઉપર રાત્રી ઊતરશે, તમને કોઈ દિવ્યદર્શન નહિ થાય, તેમ કોઈ ભવિષ્ય નહિ ભાખી શકો. ઈશ્વર તરફથી કંઈ જવાબ ન મળતાં તેમના હોઠ સિવાય જશે."

વિવિધ ગુનેગારો અને એમના ગુનાઓને વર્ણવીને મિખાએ કહ્યું હતુઃ "ઓ ઈસાયલના રાજકર્તાઓ, આ ધ્યાનથી સાંભળો, તમે ન્યાયને ધિક્કારો છો અને ખોટાનું ખરું કરો છો તમે યરુશાલેમનું ચણતર લોહીથી અને હિંસાથી કરો છો. એના રાજકર્તાઓ લાંચ લઈને ચુકાદો આપે છે. દક્ષિમા લઈને એના પુરોહિતો ઉપદેશ આપે છે, ને નાણું લઈને નબીઓ ભવિષ્ય ભાખે છેઃ અને છતાં તેઓ પ્રભુ ઉપર ખોટો આધાર રાખે છે અને કહે છે કે, શું પ્રભુ આપણી સાથે નથી ? આપણા ઉપર કોઈ આફત આવનાર નથી. આથી તમારે કારણે સિયોનને ખેતરની પેઠે ખેડી નાખવામાં આવશે, યરુશાલેમ ખંડિયેરોનો ઢગલો બની જશે અને મંદિરનો પર્વત જંગલભર્યો બની જશે."

આમ, મિખાએ એક બાજુ ગુનેગારો અને એમના ગુનાઓની યાદી સાથે એમની સામેની ઈશ્વરની શિક્ષાની વાત કરી હતી તો બીજી બાજુ મિખો આશાની ભવિષ્યવાણી પણ ભાખી હતી. શાંતિના રાજ્યના આગમનની વાત કરતાં મિખાએ ઈસાયલી પ્રજાના પ્રાણપ્રિય મંદિર અને સિયોનનગરીની આગાહી કરી હતીઃ "હવે પછીના સમયમાં પ્રભુના મંદિરનો પર્વત બીજા બધા પર્વતો કરતાં ઊંચો થશે. બીજાં બધાં શિખરોને ટપી જશે. દેશવિદેશના અસંખ્ય લોકોનો પ્રવાહ ત્યાં ચાલ્યો આવશે. કહેશે, ચાલો, આપણે પ્રભુના પર્વત ઉપર, યાકોબના વંશના ઈશ્વરના મંદિરે જઈએ, જેથી તે આપણને પોતાનો જીવનમાર્ગ બતાવે અને આપણે તેને પંથે ચાલીએ. કારણ, પ્રભુ સિયોનનગરી યરુશાલેમમાંથી પોતાનો ઉપદ્દેશ આપનાર છે અને તેની વાણી ત્યાંથી પ્રગટ થનાર છે."

"ઓ સિયોનનગરી, જ્યાંથી ઈશ્વર ગોવાળની જેમ પોતાના લોકોનું રક્ષણ કરે છે! તું તારી પહેલાંની સર્વોપરી સત્તા પ્રાપ્ત કરશે. તારું રાજ્ય તને પાછું મળશે."

બાઈબલના પંડિતો જે ભવિષ્યવાણીમાં ઈસુના જન્મની આગાહી જુએ છે તે સંદેશ પણ મિખાએ સંભળાવ્યો હતોઃ "પ્રભુ કહે છે, ઓ બેથલેહેમ એફ્રાથા, તારે ત્યાં ઈસાયલ ઉપર રાજ્ય કરનારને પેદા કરનાર છું. જેના વંશનાં મૂળ ખૂબ પ્રાચીન કાળમાં છે."

છેલ્લે પ્રભુને હાથે થનાર ઉદ્ધારની આગાહી કરતાં મિખાએ ભવિષ્યવાણી ભાખી હતી કે, "પણ અંતે... તે મને પ્રકાશમાં લાવશે અને હું તેને હાથે મારો ઉદ્ધાર થયેલો જોવા પામીશ... ઓ યરુશાલેમ, તે દિવસે તારા કોટ-કિલ્લા ફરી બંધાશે અને તારી સરહદો વિસ્તાર પામશે. તે દિવસે લોકો-અશૂરથી મિસર સુધીના અને મિસરથી તે ફ્રાંત નદી સુધીના, સમુદ્રથી સમુદ્ર સુધીના અને પર્વતથી તે પર્વત સુધીના લોકો-બધે ઠેકાણેથી તારે ત્યાં આવશે."

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-08-2007)

(ફરી બદલ્યાની તારીખઃ 16-08-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007